


"ખરાં ડખા પડ્યા છે નહીં..?!"

"હા, જુઓને..! હવે તો માંડ માત્ર ૨૪ કલાક બાકી છે તોય મુરતિયા જાહેર નથી થતાં..!!"

"હા... એ તો અમારાય ક્યાં થયા છે... તે તમારા થશે..?! મજાની વાત તો એ છે કે તમારે ત્યાં તો ડખા પડે ને પડે જ... પણ આ વખતે તો અમારા ત્યાંય પડ્યાં છે..!!"

"સાહેબ..! ડખા તો બધે જ હોય... ક્યાંક નાના ક્યાંક મોટા, ક્યાંક આગળ ક્યાંક પાછળ, ક્યાંક દેખાય ક્યાંક ના દેખાય... પણ ડખા એટલે ડખા..!"

"ખરૂ છે હો..! જુઓને અમારી જ વાત કરીએ... સાસુ વહુના ઝગડામાં આખુ ભાજપ સલવાયું છે..!! અને પેલા બાપ-દિકરાની કથામાં આખો પક્ષ રવાડે ચડ્યો છે..! ડખા લેવા ક્યાં જવા પડે છે..?!"

"હદ થાય છે હો..! રાજકારણના ઝઘડા ઘરમાં આવે એ તો સમજીએ પણ ઘરના ઝઘડા રાજકારણમાં આવે એ તો બહુ કહેવાય હોં..!! રાજકારણ ક્યાં સુધી સમાજને રફેદફે કરી શકે છે તેના આ ઉદાહરણો છે..!"

"ખરેખર..! શરમથી માથુ ઝુકી જાય એવા દશ્યો ભજવાય છે રાજનીતિના નામે..! હવે તો એમ થાય છે કે કોણ કોને બચાવશે..?! અને લાગે તો એમ છે કે આ ચૂંટણી પતી જાય પછી આખુ ગુજરાત ગંગાજળથી ધોવું પડશે..!!"

"અરે સાહેબ..! મજાક ના કરો... આ ગંભીર બાબત છે... પક્ષ તમારો હોય કે અમારો પણ આપણો પક્ષ છે ગુજરાતની ગરીમા... આપણો પક્ષ છે ગુજરાતના સંસ્કાર... અને આપણો પક્ષ છે મુલ્યનિષ્ઠ રાજનીતિ..!!"

"અરે પાછા તમે શિખામણ આપવા બેસી ગયા..! અમારૂ સીધુ-સાદુ પુછવુ એ છે કે તમારા અમદાવાદ-ગાંધીનગરના ઉમેદવારો ક્યારે જાહેર થશે..?!"

"તમે કરો એટલે તરત..!!"

"કેમ કેમ..?!"

"બહુ સીમ્પલ છે... કે તમે ક્ષત્રિય ઉભા રાખો તો અમે ક્ષત્રિય ઉભા રાખીશુ... તમે પટેલ મુકો તો અમે પટેલ મુકીશુ... તમે શહેરનો મુકો તો અમે પણ..!!"

"ઓ હો... આને જાતિવાદી સમીકરણો કહેવાય કે ના કહેવાય... આમ તો મંચ ઉપર તો સુફીયાણી વાતો કરો છો..! અને હજી પટેલ-ઠાકોરનું ગોઠવો છો..! તમારી તો લોકપ્રિયતા આસમાને પહોંચી છે..! તમારે વળી સમીકરણોની ક્યાં જરૂર છે..?! તમારે જાદુગરોની શી જરૂર છે..?! ફિલ્મ અભિનેતાઓની શી જરૂર છે તમારે..?! અને રોજ ઉડી ઉડીને આવતા નેતાઓનીય શી જરૂર છે..?! કે બીક છે..?!"

"કોઈ બીક-બીક નથી..! માહોલ તો જમાવવો પડે ને..?! લગનમાં ઢોલ વગાડવા પડે તેમ ચૂંટણીમાં સભાઓ પણ કરવી પડે..! અને થોડુંક

● અનુસંધાન પાન-૫ પર

# ગાંધીનગર રાજયનું સૌથી ઠંડુ શહેર

**લઘુત્તમ તાપમાન ૧૦.૮ ડિગ્રી : સિઝનની વિક્રમજનક ઠંડી બાદ રાજયમાં પણ ઠંડીમાં નગર નંબર વન : ઠંડી કાતિલ બનતા જનજીવન પ્રભાવિત : શ્રમિકો દયનીય હાલતમાં : લગનસરાની સિઝન પણ ઠંડીની લપેટમાં**

ગાંધીનગર તા ૨૫

શહેરમાં ઠંડીની ઋતુ તીખા તેવરમાં છે. છેલ્લા બે દિવસથી સતત ઠંડીનો પારો નીચે ગબડી રહયો છે. શહેરમાં ગઈકાલે પણ સિઝનની વિક્રમજનક ઠંડી નોંધાઈ હતી. જયારે આજે પણ ઠંડીનો પારો વધુ એક ડી ગ્રી ગગડતા સમગ્ર રાજયમાં ગાંધીનગર સૌથી ઠંડુ શહેર બન્યુ હતુ. શહેરીજનો આકરી ઠંડીથી કામ સિવાય ઘરની બહાર નિકળવાનુ ટાળે છે. રાત્રિના સમયે શહેરના માર્ગો પર સન્નાટો છવાઈ જાય છે.

શહેરમાં મોસમના બદલાતા મિજાજ વચ્ચે ઠંડીનો પારો ગરમાયો છે. શહેરમાં છેલ્લા બે દિવસથી મોસમની રેકર્ડબ્રેક ઠંડીનો અહેસાસ નગરજનો કરી રહયા છે. ગઈકાલે પણ ઠંડીનો પારો ત્રણ ડી ગ્રી નીચે ગગડતા લઘુત્તમ તાપમાન ૧૧ ડી ગ્રીએ પહોંચી ગયુ હતુ. જેના લીધે સિઝનની મહત્તમ ઠંડી અનુભવતા શહેરીજનો ઠંડીની ઋતુથી પ્રભાવિત થયા હતા. આજે પણ ઠંડીનો મિજાજ આક્રમક રહેતા લઘુત્તમ તાપમાન વધુ એક ડી ગ્રી ઉતર્યુ હતુ. ઠંડીનો પારો ૧૦.૮ ડી ગ્રીએ પહોચી ગયો હતો. જેના લીધે સિઝનની મહત્તમ ઠંડી સાથે ગાંધીનગર સમગ્ર રાજયમાં સૌથી ઠંડા શહેર તરીકે ઉભરી આવ્યુ હતુ. દિનપ્રતિદિન ઠંડી ઉગ્ર બનતા શહેરીજનો ઠંડીથી બચવા હવે કામ સિવાય ઘરની બહાર નિકળવાનુ ટાળી રહયા છે. રાત્રિના સમયે નગરના જનજીવન પર ઠંડીની અસર વર્તાય છે. સાંજ ઢળતા જ નગરના માર્ગો પર વાહચાલકોની પાખી હાજરી જોવા મળે છે. રાત્રિના સમયે સેકટરોની શેરીઓમાં સન્નાટો છવાઈ જાય છે. ખુલ્લામાં રહેતા શ્રમિકોની હાલત પણ દયનીય જોવા મળી રહી છે. ઠંડીની મોસમ નિખરતા સવારે મોર્નિંગ વોક કરનારાઓ પણ વધી રહયા છે. પરંતુ દિવસના અંતે

● અનુસંધાન પાન-૫ પર





રાહુલ ગાંધી ગાંધીનગરમાં.... - શનિવારે સવારે રાહુલ ગાંધી સામાજીક વ્યવહાર માટે ગાંધીનગર આવી પહોંચ્યા હતા. રાહુલ ગાંધીની તાસીર નોંધનીય રીતે બદલાઈ રહી છે. હવેના પ્રવચનો, પ્રજા સાથેના વ્યવહારો અને રાજકીય નેતાઓ સાથે વિકસાવાતા સંબંધો પણ રાહુલ ગાંધીની છબીને અલગ રીતે ઉપસાવી રહ્યાં છે. શનિવારે વહેલી સવારે રાહુલ ગાંધી પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીના નિવાસસ્થાને પહોંચી તેમના પત્નીના નિધન અંગે શોકની લાગણી વ્યક્ત કરી હતી. માધવસિંહભાઈએ રાહુલ સાથે ઈન્દિરા ગાંધી અને રાજીવ ગાંધી સાથેના સ્મરણો વાગોળ્યા હતા. ત્યારબાદ રાહુલ ગાંધી ગુજરાતના પૂર્વ સાંસદ અને કોંગ્રેસના રાષ્ટ્રીય અગ્રણી મધુસુદન મિસ્ત્રીના દિકરાના અવસાન બદલ સાંત્વના આપવા પહોંચ્યા હતા. રાહુલ ગાંધીએ પરિક્ષિતના દુ:ખદ અવસાન અંગે ઊંડી સંવેદના પ્રગટ કરી હતી.

# ગાંધીનગરના ઉમેદવારો જાહેર ન થતા શહેરમાં ભારે ઉત્તેજના

**અનેક અટકળોમાં ઘુંટાતા રહસ્ય વચ્ચે પ્રબળ બનતી રાજકીય ઉત્તેજના ગાંધીનગર ઉત્તરની બેઠક પર નવા ક્ષત્રિય ઉમેદવારને ટીકીટ આપવામાં આવે તેમ પણ મનાઇ રહયુ છે : દક્ષિણની બેઠક પર પાટીદાર ઉમેદવારના પોકેટમાં ટીકીટ જશે તેવી અટકળો**

ગાંધીનગર તા ૨૫

વિધાનસભાની ચુંટણીના લીધે રાજકીય ઉત્તેજનાનો માહોલ જોવા મળી રહયો છે. ટીકીટ ફાળવણીનો મુદ્દો મુખ્ય બનતા રોજબરોજ નવા રાજકીય સમીકરણો મંડરાઈ રહયા છે. આવા સંજોગોમાં રાજકીય પક્ષો માટે પણ ટીકીટ ફાળવણીની પ્રક્રીયા જટીલ બની છે. કોંગ્રેસ અને ભાજપની ટીકીટ ફાળવણીના અંતે વિરોધ અને વિવાદના દ્રશ્યો હવે સામાન્ય બની ગયા છે. તબક્કાવાર જાહેર થતી ટીકીટોના અંતે વિરોધને ડામવા માટે રાજકીય પક્ષોએ વિરોધને ખાળવા માટે ડેમેજ કંટ્રોલમાં લાગી જવુ પડે છે. ત્યારે ઉમેદવારોની પસંદગીના અંતે ચુંટણી વધુ રસપ્રદ અને કશ્મકશ ભરી બની રહેશે. રાજયમાં વિવિધ બેઠકો પર ચુંટણી મેદાને મુરતિયાને ઉતારવા માટે ભાજપ અને કોંગ્રેસ વિજય મેળવવાના રાજકીય સમીકરણોને ધ્યાને લઈ હુકમનુ પાનુ ઉતારવાના મુડમાં છે. પરંતુ જ્ઞાતિવાદ અને આંદોલનની આગમાં મતદારોનો મિજાજ કળવાનુ કામ વધુ કપરુ પુરવાર થઈ રહયુ છે. આવા સંજોગોમાં ઉમેદવારોને આખરી કરવાનુ પણ રાજકીય પક્ષો માટે આકરી કસોટી સમાન બન્યુ છે. રાજયમાં બે તબક્કામાં યોજાનારી ચુંટણીને અનુલક્ષી મોટાભાગની બેઠકો પર ઉમેદવારો જાહેર કરી દેવાયા છે. પરંતુ ટીકીટ ફાળવણીના અંતે બહાર આવતા આક્રોશ અને અસંતોષના અંતે પક્ષના રાજકીય આગેવાનો ડેમેજ કંટ્રોલ કરવાનુ કામ પણ મુખ્ય બન્યુ છે. ત્યારે ગાંધીનગર જિલ્લાની બેઠકો પર પણ આવી જ સ્થિતિ છે. પાટનગરમાં જ હજુ બન્નેમાંથી એકપણ પક્ષે ઉમેદવારનુ નામ આખરી કર્યુ નથી. અલબત્ત ગાંધીનગર ઉત્તર અને દક્ષિણમાંથી કોંગ્રેસ અને ભાજપના ઉમેદવારોના નામ શનિવારે મોડી સાંજ સુધી જાહેર

● અનુસંધાન પાન-૫ પર




# ઠંડી જામતાં રવિ સીઝનના વાવેતરમાં વેગ

**ઘઉં, બટાટા, તમાકુ અને ચણા તથા શાકભાજીના વાવેતરમાં ખેડૂતો મગ્ન બન્યા : સિઝન મોડી શરૂ થઈ એટલે વાવણી પણ લંબાશે તેવુ અનુમાન**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં ઠંડીનો માહોલ છવાતા રવિ સીઝનની વાવણીમાં ગતિ આવી છે અને અત્યાર સુધીમાં ૨૪૯૭૦ હેક્ટરમાં વાવેતર સંપન્ન થયુ છે જે રવિ સીઝનના થતા કુલ વાવેતરના ૪૫ ટકાથી વધુ છે.

મળતી વિગતો પ્રમાણે ગત વર્ષે આ સમયગાળા દરમ્યાન થયેલ વાવેતર કરતાં આ વખતે ૮ હજાર હેક્ટર વિસ્તારમાં વધુ વાવેતર થયુ છે. ગત વર્ષે ૧૬ હજાર હેક્ટર જેટલા વિસ્તારમાં જ આ સમયગાળા દરમ્યાન વાવેતર નોંધાયુ હતુ.

છેલ્લા થોડાક દિવસોમાં ઘઉં બટાટા તેમજ ચણા અને અન્ય કઠોળ પાક ઉપરાંત શાકભાજીના પાકોના વાવેતર વિસ્તારમાં વધારો થવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે ઘઉંનું વાવેતર ૫૨૭૫ હેક્ટરમાં, ચણાનું વાવેતર ૬૦૫ હેક્ટરમાં, રાઈનું વાવેતર ૮૧૫ હેક્ટરમાં, તમાકુનું વાવેતર ૧૬૫૧ હેક્ટરમાં, બટાટાનું વાવેતર ૨૮૬૪ હેક્ટરમાં, શાકભાજીનું વાવેતર ૨૭૦૦ હેક્ટરમાં થયું છે.

જિલ્લામાં સૌથી વધુ વાવેતર માણસા તાલુકામાં થયુ છે જ્યાં ૯ હજાર હેક્ટર કરતાં વધુ વિસ્તારમાં સંપન્ન થયેલ છે. આ પછી દહેગામ, ગાંધીનગર અને કલોલ તાલુકો આવે છે. દહેગામમાં ૬૪૮૭ હેક્ટર, ગાંધીનગરમાં ૪૯૫૧ હેક્ટરમાં તથા કલોલમાં ૩૮૮૩ હેક્ટર વિસ્તારમાં વાવેતર સંપન્ન થયેલ છે.

સિઝન મોડી શરૂ થઈ હોવાથી ૧૫ ડિસેમ્બરને બદલે ૨૦થી ૨૫ ડિસેમ્બર સુધી વાવેતર આ વેળાએ થશે તેમ મનાઈ રહ્યું છે.

**બેન જોઈએ છે**
ઘરનું પરચુરણ કામ અને બાબાને સાચવવા માટે, સે.૮માં સવારે ૮-૩૦ થી સાંજે ૬ વાગ્યા સુધી
પગાર : ૫૦૦૦/- રૂ.
મો. ૯૯૭૮૯૦૭૪૪૫

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ®**
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com